રાજકોટ મહાનગરપાલિકા, ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૨૪૧૩૩, ફેક્સ : ૦૨૮૧-૨૨૨૪૨૫૮



ઈ-ન્યૂઝલેટર અંક નં. ૨૭ જુલાઈ-૨૦૨૦

# સ્માર્ટ રાજકોટ

## માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે

# રૂા.૧૮.૯૫ કરોડના ખર્ચના ૩ પ્રોજેક્ટનું ઈ-લોકાર્પણ તથા રૂા.૪૯.૯૩ કરોડના ખર્ચના ૨ પ્રોજેક્ટનું ઈ-ખાતમુહૂર્ત



તા.૧૪–૦૭–૨૦૨૦, મંગળવારના રોજ રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા દૂધસાગર રોડ આજી નદી પર રૂા.૩.૨૫ કરોડના ખર્ચે બનવવામાં આવેલ હાઈલેવલ બ્રિજ, રૂા.૧૫ કરોડના ખર્ચે હિંગળાજ નગર આવાસ યોજના (પી.પી.પી.) પાર્ટ–૧ તથા સ્માર્ટ સિટીના પાન સિટી પ્રોજેક્ટ અંતર્ગત રૂા.૭૦ લાખના ખર્ચે બનાવવામાં આવેલ સ્માર્ટ બસ સ્ટોપ (૧૦)નું ઈ–લોકાર્પણ તેમજ વોર્ડ નં.૧૨ મવડી વિસ્તાર જેટકો ચોકડી ખાતે રૂા.૪૨.૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, આજીડેમ પાસે રૂા.૭.૬૮ કરોડના ખર્ચે અર્બન ફોરેસ્ટ વિકસાવવાની કામગીરીનું ઈ–ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયરશ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત હતા.

આ અવસરે સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી અભયભાઈ ભારદ્વાજ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, પ્રદેશ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, ડે.મેયરશ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, પૂર્વ પ્રમુખશ્રી ભીખાભાઈ વસોયા, પૂર્વ ધારાસભ્યશ્રી ભાનુબેન બાબરીયા, પૂર્વ મેયરશ્રી ડૉ. જૈમનભાઈ ઉપાધ્યાય, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, વિપક્ષ નેતા શ્રી વશરામભાઈ સાગઠીયા, દંડક શ્રી અજયભાઈ પરમાર, શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રસિંહ ઠાકુર, રાજકોટ શહેર ભાજપ મહામંત્રીશ્રીઓ શ્રી દેવાંગભાઈ માંકડ, શ્રી કિશોરભાઈ રાઠોડ, શ્રી જીતુભાઈ કોઠારી, બાંધકામ કમિટી ચેરમેનશ્રી મનિષભાઈ રાડીયા, હાઉસીંગ કમિટી ચેરમેનશ્રી જયાબેન હરીભાઈ ડાંગર, બાગ બગીચા અને ઝુ








## પ્રોજેક્ટની વિગતો

### ઈ-લોકાર્પણ

દૂધસાગર રોડ આજી નદી પર રૂા.૩.૨૫ કરોડના ખર્ચે હાઈલેવલ બ્રિજ

રૂા.૧૫ કરોડના ખર્ચે હિંગળાજનગર આવાસ યોજના (PPP) પાર્ટ–૧

સ્માર્ટ સિટીના પાન સિટી પ્રોજેક્ટ અંતર્ગત રૂા.૭૦ લાખના ખર્ચે ૧૦ સ્માર્ટ બસ સ્ટોપ

### ઈ-ખાતમુહૂર્ત

વોર્ડ નં.૧૨ મવડી વિસ્તાર જેટકો ચોકડી ખાતે રૂ.૪૨.૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ

આજીડેમ પાસે રૂ.૭.૬૮ કરોડના ખર્ચે અર્બન ફોરેસ્ટ વિકસાવવાની કામગીરી

સ્માર્ટ રાજકોટ ઈ-ન્યુઝલેટર

કમિટી ચેરમેનશ્રી વિજયાબેન વાછાણી, વોટર વર્કસ કમિટી ચેરમેનશ્રી દેવરાજભાઈ મકવાણા, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી પુષ્કરભાઇ પટેલ, પૂર્વ કોર્પોરેટરશ્રી રાજુભાઈ બોરીચા, તેમજ કોર્પોરેટરશ્રીઓ શ્રી શિલ્પાબેન જાવિયા, શ્રી રૂપાબેન શીલુ, શ્રી જ્યોત્સનાબેન ટીલાળા, શ્રી અશ્વિનભાઈ ભોરણીયા, શ્રી જાગૃત્તિબેન ઘાડિયા, શ્રી રાજુભાઈ અઘેરા, શ્રી મુકેશભાઈ રાદડિયા, શ્રી સજુબેન કળોતરા, શ્રી દેવુબેન જાદવ, શ્રી હિરલબેન મહેતા, શ્રી મીનાબેન પારેખ, શ્રી કશ્યપભાઈ શુક્લ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એ સૌ પ્રથમ રાજકોટ મહાનગરપાલિકાને શહેરની વિકાસ કૂચ અવિરત જાળવી રાખતા વિવિધ પાંચ પ્રોજેક્ટ લોકાર્પણ / ખાતમુહુર્ત યોજના બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવતા જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિકાસના અનેક સોપાનો સર કરેલ છે. તેમજ તમામની અપેક્ષા મુજબ સાર્વત્રિક સર્વાંગી વિકાસ રાજકોટનો થઇ રહ્યો છે. પ્રાથમિક જરૂરિયાત સંતોષી સુવિધાસભર રાજકોટ શહેર એ દુનિયાના ફાસ્ટ ગ્રોઈંગ સિટીમાં નામના મેળવેલ છે અને તે તરફ વધુ ને વધુ આગળ જઈ રહ્યું છે. આપણે નાનપણથી જોઈએ છે કે આજી નદીમાં પુર આવે ત્યારે લોકોને બેઠા પુલ પરથી અવર જવર માટે તકલીફ પડતી હતી. હવે આ બ્રીજના લોકાર્પણથી લોકોને અવર જવરની તકલીફ પડતી દુર થશે. રાજકોટ મહાનગરપાલિકાએ બેઠા પુલ ઉભા કર્યા છે અને ઉભા પુલને પહોળા પણ કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ મહાનગરપાલિકાના અન્ય પ્રોજેક્ટ વિશે વાત કરવા કહ્યું હતુ કે, આજી ડેમ અર્બન ફોરેસ્ટ એક નવા કન્સેપ્ટ સાથે આ પ્રોજેક્ટ રાખવામાં આવેલ છે. આજી ડેમ ખાતે વૃક્ષો વાવી શહેરીજનોને જંગલ જેવો માહોલ ઉભો કરવામાં આવશે તેમજ રાજકોટ શહેરની જનતાને નવું હરવા ફરવાનું નજરાણું મળી રહેશે. સરકાર દ્વારા ગટરના પાણીને રી–સાયકલ, રી–યુઝ કરી ઉપયોગમાં લેવાય છે. તેમાં રાજકોટ શહેર પણ પાછી પાની નહિ કરે તેની મને શ્રધ્ધા છે. ઇ–બસ સ્ટોપ દ્વારા વધુ સારી સુવિધા લોકોને મળી રહેશે. લોકોને ઘરનું ઘર મળી રહે અને તેમાં પણ નવું ઘર મળી રહે. હિંગળાજનગર ખાતે સુવિધા સભર નવા ફ્લેટ પાકા મકાન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બનાવ––વામાં આવેલ છે. જુના હિંગળાજનગરની જગ્યાએ નવા હિંગળાજનગરનું નિર્માણ થયેલ છે. તે માટે રાજકોટ મહાનગર––પાલિકાને ખરેખર અભિનંદન પાઠવું છુ. કોરોના સંક્રમણ વચ્ચે વિકાસ યાત્રા ચાલતી રહે અને ગુજરાતનો વિકાસ સતત પ્રગતિશીલ રહે તે દિશામાં સતત પ્રયાસો થઇ રહ્યા છે. માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની અપેક્ષા મુજબ નયા ભારતના નિર્માણ તરફ દેશ આગળ વધી રહ્યો છે. કોરોના સામે દરેક પગલા લેવા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન પીછે હટ નહિ કરે તેનો મને વિશ્વાસ છે.

આ અવસરે માન. મેયરશ્રી બિનાબેન આચાર્યએ જણાવેલ કે, રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં સરકારશ્રી કોરોના મહામારી સામેની લડાઈ સાથે વિકાસની દિશા તરફ પણ આગળ વધી રહેલ છે. આજરોજ શહેરમાં રૂ.૬૮.૮૮ કરોડના ખર્ચે 03 પ્રોજેક્ટનું ઈ–લોકાર્પણ અને ૦૨ પ્રોજેક્ટનું ઈ–ખાતમુહુર્ત કરવામાં આવેલ. શહેરને અર્બન ફોરેસ્ટની સુવિધા મળે તે માટે ગત ૨જી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ મુખ્યમંત્રીશ્રીના જન્મદિને વૃક્ષારોપણનો શુભારંભ કરાયેલ. આજરોજ અર્બન ફોરેસ્ટના ડેવલોપમેન્ટ માટે મુખ્યમંત્રીશ્રીએ ખાતમુહુર્ત કરેલ છે. આ ઉપરાંત શહેરને પીવાનું પાણી શુદ્ધ કાળી રહે તે માટે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાતમુહુર્ત, હિંગળાજ––નગર ખાતે લાભાર્થીઓને વિના મુલ્યે આવાસ, નવું બસ સ્ટોપ અને આજીનદી દૂધસાગર રોડ પર હાઈલેવલ બ્રીજનું લોકાર્પણ કરાયું. માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા જુદાજુદા પ્રોજેક્ટના ઈ–લોકાર્પણ તથા ઈ–ખાતમુહુર્ત કરવા બદલ શહેરીજનો વતી આભાર માનું છુ.

આકાશવાણી ચોક, સ્માર્ટ બસ પોર્ટ ખાતે વોર્ડ નં.૯ના પ્રમુખશ્રી પ્રદીપભાઈ નિર્મળ, પ્રભારીશ્રી ડૉ.ગીરીશભાઈ ભીમાણી, મહામંત્રી શ્રી હિરેનભાઈ સાપરીયા, શ્રી વિરેન્દ્રભાઈ ભટ્ટ, વોર્ડ નં.૯ના શહેર ભાજપ મંત્રીશ્રી વિક્રમભાઈ પુજારા, વોર્ડ નં.૧૦ના પ્રમુખશ્રી રજનીભાઈ ગોલ, પ્રભારીશ્રી ડૉ. માધવભાઈ દવે, મહામંત્રીશ્રી હરેશભાઈ કાનાણી, શ્રી પરેશભાઈ તન્ના, ભાજપ ઉપપ્રમુખશ્રી સંગીતાબેન છાયા તેમજ અગ્રણીશ્રી મનહરભાઈ બાબરીયા, શ્રી પરેશભાઈ હુંબલ, આસી. કમિશનરશ્રી ધડુક સાહેબ, કુકડીયા સાહેબ, આસી.મેનેજર શ્રી વિવેકભાઈ મહેતા, ચુનારાવાડ બ્રીજ ખાતમુહુર્ત યુવા ભાજપ શહેર મંત્રીશ્રી પરેશભાઈ પીપળીયા, વોર્ડ નં.૬ પ્રમુખશ્રી ઘનશ્યામભાઈ કુંગશીયા, મહામંત્રી શ્રી દુષ્યંતભાઈ સંપટ, શ્રી વિરમભાઈ રબારી, શહેર લઘુમતી મહામંત્રીશ્રી યાકુબ ખાન પઠાણ, શહેર ભાજપ ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ ભટ્ટ, વોર્ડ નં.૦૭ પ્રમુખ શ્રી રમેશભાઈ દોમડીયા, મહામંત્રી શ્રી અનિલભાઈ લીંબડ, શહેર ભાજપ ઉપપ્રમુખ શ્રી રાબીયાબેન, આગેવાનશ્રી શામજીભાઈ ચાવડા, શ્રી જયશ્રીબેન સોલંકી, શ્રી સવિતાબેન ડાભી, શ્રી દેવજીભાઈ ખીમસુરીયા, શ્રી પાંચાભાઈ વજકાણી, વોર્ડ નં.૧૫ પ્રમુખશ્રી સોમભાઈ ભાલીયા, મહામંત્રીશ્રી મહેશભાઈ બથવાર, શ્રી રત્નાભાઈ મોરી, શ્રી નયનાબેન પેઢડીયા, શ્રી મનસુખભાઈ જાદવ, શ્રી અનિલભાઈ પારેખ, શ્રી પુનીતાબેન પારેખ, શ્રી ગેલાભાઈ રબારી, શ્રી મહેશભાઈ અઘેરા, હિંગળાજ––નગર આવાસ લોકાર્પણ વોર્ડ નં.૮ પ્રભારીશ્રી નીતિનભાઈ ભૂત, પ્રમુખ શ્રી અશ્વિનભાઈ પાંભર, મહામંત્રીશ્રી કાપડભાઈ ડાંગર, શિક્ષણ સમિતિ સભ્યશ્રી અલ્કાબેન કામદાર, શ્રી કિરણબેન માકડિયા, શ્રી રઘુભાઈ ધોળકિયા, શ્રી મહેશભાઈ રાઠોડ, શ્રી તેજશભાઈ જોષી, જેટકો ચોકડી ફિલ્ટર પ્લાન્ટ ખાતમુહુર્ત વોર્ડ નં.૧૧ પ્રમુખશ્રી સંજયભાઈ પીપળીયા, મહામંત્રી શ્રી સંજયભાઈ બોરીચા, શ્રી દિવ્યાબા જાડેજા, શ્રી કંચનબેન મારડીયા, શ્રી નરશીભાઈ કાકડિયા, વોર્ડ નં.૧૨ પ્રમુખશ્રી રસિકભાઈ કાવઠીયા, મહામંત્રીશ્રી મનસુખભાઈ વેકરીયા, શ્રી દશરથસિંહ જાડેજા, ડીએમસી શ્રી એ. કે. સિંઘ, એએમસીશ્રી જે. પી. રાઠોડ, એડીશનલ સીટી એન્જીનીયરશ્રી એમ. આર. કામલીયા, આજીડેમ પાસે અર્બન ફોરેસ્ટ ડેવલપમેન્ટ ખાતમુહુર્ત વોર્ડ નં.૧૬ પ્રમુખ શ્રી ભાર્ગવભાઈ મિયાત્રા, પ્રભારીશ્રી જીણાભાઈ ચાવડા, મહામંત્રીશ્રી જીતુભાઈ સિસોદીયા, શ્રી લીનાબેન રાવલ, શ્રી પ્રવીણભાઈ કિયાડા, શ્રી મોનીકાબેન ગાજીપરા, વોર્ડ નં.૧૮ પ્રમુખશ્રી સંજયસિંહ રાણા, મહામંત્રીશ્રી હિતેશભાઈ ઢોલરીયા, શ્રી રવિભાઈ હમીરપરા, સીટી એન્જીનીયર શ્રી કે. એસ. ગોહેલ, ડાયરેક્ટર પાર્કસ એન્ડ ગાર્ડનશ્રી કે. ડી. હાપલીયા, એ.એમ.સી. શ્રી એચ. કે. કગથરા, વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત પ્રવચન મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ દ્વારા કરવામાં આવેલ. આભારવિધિ બાંધકામ સમિતિ ચેરમેન શ્રી મનીષભાઈ રાડીયા દ્વારા કરવામાં આવેલ.



દૂધસાગર રોડ આજી નદી બાજુ લો–લેવલ બ્રિજ હતો જેના કારણે ચોમાસાની ઋતુમાં ભારે વરસાદ દરમ્યાન નદીના પુર કારણે આવનજાવન માટે મુશ્કેલી ઊભી થતી હતી. આ મુશ્કેલી નિવારવા રૂ.૩.૨૫ કરોડના ખર્ચે ૧૦૪.૨૦ મીટર વધતા એપ્રોક્ષ લંબાઈ ૧૭૯.૦૩ મીટર તથા બ્રિજ ટોપ લેવલ ૧.૫૪ મીટર, હાઈફ્લડ ૯૯.૯૬ મીટર રહેશે. આ બ્રિજ થવાથી ૨ લાખ શહેરીજનોની આવન–જાવનની મુશ્કેલી નિવારી શકાય.

માન.વડાપ્રધાનશ્રી પ્રધાનમંત્રી આવાસ યોજના–હાઉસિંગ ફોર ઓલ ૨૦૨૨ના ઘટકો પૈકી સલામ રી–ડેવલપમેન્ટ–પી.પી.પી. ઘટક અન્વયે ગુજરાત સ્લમ રીહેબીલીટેશન પોલિસી અંતર્ગત વોર્ડ નં.૮માં હિંગળાજનગર–૧ સ્લમ વિસ્તાર માટે પી.પી.પી. ધોરણે ટેન્ડર પ્રક્રિયા બાદ એજન્સી જે.પી.સ્ટ્રક્ચર પ્રા.લી. ને કામગીરી સોંપવામાં આવેલ. હાલ આવાસ યોજનાની કામીગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત લેન્ડ એઝ એ રિસોર્સ ઉપયોગ કરવાથી રાજકોટ મહાનગરપાલિકા ને રૂ.૪૦.૫૦ કરોડનું લેન્ડ પ્રીમિયમ મળેલ છે. તેમજ લાભાર્થીઓને ૨ બેડરૂમ, હોલ, કિચન, બે ટોઈલેટ, વોશ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની સુવિધાવાળું મકાન વિનામુલ્યે ફાળવવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ટી.પી. સ્કીમ. નં.૦૨ના એફ.પી. ૪૭૫ (૭,૯૨૮ ચો.મી.) રહેલ ઝુપડપટ્ટીને દુર કરી સુવિધાયુક્ત આવાસો બનાવવામાં આવેલ છે. હિંગળાજનગર–૧ આવાસ યોજનામાં કુલ રૂ.૧૫ કરોડના ખર્ચે ૧૪૫ આવાસો અને ૮ દુકાનો બનાવવામાં આવેલ છે. આ આવાસ યોજનામાં બિલ્ડીંગની બહાર અને અંદર આકર્ષક કલર કામ, લીફ્ટ, અન્ડરગ્રાઉન્ડ, ઓવરહેડ અને ફાયરની પાણીની ટાંકી, ગ્રાઉન્ડ ફ્લોર પર વિશાળ પાર્કિંગ જેવી સુવિધાઓ આપવામાં આવેલ છે.

સ્માર્ટ સિટી, પાન સિટી પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં જુદી જુદી જગ્યાએ રૂ.૭૦ લાખના ખર્ચે સ્માર્ટ બસ સ્ટોપ (૧૦) બનાવવામાં આવેલ છે.

મવડી વિસ્તારમાં જેટકો ચોકડી પાસે ૫૦ એમ.એલ.ડી.ના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા ESR/GSR કમ્પાઉન્ડ બનનાર છે. સદરહુ પ્રોજેક્ટનો લાભ રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં.૧૨ના વિકાસ પામી રહેલ નવા ભળેલા મવડી વિસ્તાર તથા ટી.પી. સ્કીમ નં. ૨૫, ૨૬, ૨૭, તેમજ વાવડી વિસ્તારના હાલમાં અંદાજીત ૮૦,૦૦૦ શહેરીજનો તથા ભવિષ્યની સને ૨૦૩૨ની અંદાજીત ગણતરી મુજબ ૨ લાખથી વધુ શહેરીજનોને સદરહુ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી પાઈપલાઈન દ્વારા પાણી પૂરું પાડવા માટે લાભ મળશે.

## અર્બન ફોરેસ્ટ કેવું બનશે ?

**આજી ડેમ ડાઉનસ્ટ્રીમ વિસ્તારમાં ૪૭ એકરમાં અર્બન ફોરેસ્ટ, ફોરેસ્ટમાં રૂ.૭.૬૮ કરોડના ખર્ચે ડેવલપમેન્ટ કરવામાં આવનાર છે જેમાં,**

- અર્બન ફોરેસ્ટ ફરતે કમ્પાઉન્ડ વોલ અને ફેન્સીંગ.
- એડમીન ઓફિસ.
- સાઈકલ ટ્રેક, વોકિંગ ટ્રેક, ગઝેબો.
- કુદરતી પાણીના સ્ત્રોતનું નવિનીકરણ, પાથ-વે તેમજ બ્રિજ અને રેલીંગ.
- પાણીના પરબ, ટોઈલેટ બ્લોક્સ.
- બાળકો માટે પ્લેગ્રાઉન્ડ, એક્ઝીબીશન એરિયા માટે પ્લેટફોર્મ.
- જુદા જુદા પ્રકારના પથ્થરો તેમજ અન્ય મટીરીયલનો ઉપયોગ કરીને પાથ-વે.
- ઓપન એર એમ્ફી થીયેટર, વિવિધ પ્રકારની બેચિંગ.
- રોડ જંકશન આઈલેન્ડ, સોલાર લાઈટ્સ.
- આકર્ષક એન્ટ્રી ગેઈટ.
- જુદા જુદા પ્રકારના પ્લાન્ટેશન માટે બ્લોક્સ.
- વિશાળ એરિયામાં પાર્કિંગ.

# હારશે કોરોના, જીતશે રાજકોટ..

## શહેરના કન્ટેઈનમેન્ટ ઝોન અને ગીચ વિસ્તારોમાં રોગપ્રતિકારક શક્તિ વધારતા ઉકાળા વિતરણ



# રાજકોટ મનપા દ્વારા ધનવંતરી રથનો શુભારંભ

હાલ કોરોના વાઈરસ મહામારી ચાલી રહી છે, આ વાઈરસને માત આપવા માટે માનવ શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ વધુ પ્રમાણમાં હોવી જરૂરી છે. તે બાબતને ધ્યાને લઈ રાજયના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન અને નિર્ણય અનુસાર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૦૧–૦૭–૨૦૨૦ ના રોજ કુલ ૧૫ ધનવંતરી રથ પ્રારંભ કરવામાં આવેલ. આજ તા.૦૮–૦૭–૨૦૨૦ના રોજ વિશેષ ૩૫ ધનવંતરી રથનો પ્રારંભ માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, ભાજપ શહેર પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી અરવિંદભાઈ રૈયાણી, શ્રી લાખાભાઈ સાગઠીયા, મહિલા મોરચા પ્રભારીશ્રી અંજલીબેન રૂપાણી, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષ નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, દંડકશ્રી અજયભાઈ પરમાર, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, વિગેરેના વરદ્ હસ્તે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ અવસરે નાયબ કમિશનરશ્રી બી. જી. પ્રજાપતિ, શ્રી એ. કે. સિંઘ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ. પંકજ રાઠોડ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ. ભૂમિબેન પીપળીયા તથા આરોગ્ય વિભાગનો સ્ટાફ ઉપસ્થિત રહેલ.

આજથી શરૂ કરાવેલ ૩૫ ધનવંતરી રથ મળી કુલ ૫૦ ધનવંતરી રથ દ્વારા શહેરના કન્ટેઈનમેન્ટ ઝોન અને ગીચતા ધરાવતા વિસ્તારોમાં રોગપ્રતિકારક શક્તિ વધારતા ઉકાળાનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવશે. તેમજ દરેક રથમાં થર્મલ ગન અને પલ્સ ઓક્સીમીટર દ્વારા સ્ક્રીનીંગ કરવાની કામગીરી પણ કરવામાં આવશે. પ્રસ્થાન સમયે તમામ લોકોને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રથ મારફત શહેરમાં કોરોના અંગેની જાગૃતતા માટે પ્રચાર–પ્રસારની કામગીરી પણ કરવામાં આવશે. જો કોઈ શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દી માલુમ પડશે તો તેને વહેલી તકે વધુ સારવાર આપવામાં આવશે અને તેનું ટેસ્ટીંગ પણ કરવામાં આવશે. આ તમામ રથ સવારના ૦૯ થી ૧૨ અને સાંજના ૦૪ થી ૦૬ શહેરના વિસ્તારોમાં ફેરવવામાં આવે છે.

આ કાર્યક્રમની સંપૂર્ણ કામગીરી આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારીશ્રી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી તેમજ આરોગ્ય શાખાના તમામ સ્ટાફ દ્વારા



## કોઠારિયા માટે NHAIના સર્વિસ રોડમાં પાણી અને ડ્રેનેજ લાઈન નાખવા તથા રોડ ક્રોસ કરવાની કામગીરી ઝડપી બનાવવા

# નેશનલ હાઈ-વે ઓથોરિટીના અધિકારીઓ સાથે મીટીંગ કરતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

ઈસ્ટ ઝોન ખાતે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલના અધ્યક્ષ સ્થાને નેશનલ હાઈ–વે ઓપેરીટીના શ્રી અરૂણ કુમાર પિંજારે (પ્રોજેક્ટ ડાયરેક્ટર નેશનલ હાઈ–વે) અને શ્રી એમ. કે.ચૌહાણ (વાડિયા ટેકની સર્વિસ) તથા રાજકોટ મહાનગરપાલિકા નાયબ મ્યુનિ. કમિશનરશ્રી બી. જી. પ્રજાપતિ, એડી. સિટી એન્જી. શ્રી એમ. આર. કામલીયા, અને શ્રી એચ. યુ. દોઢિયા સાથે ઈસ્ટ ઝોન ખાતે તા.૪–૭–૨૦૨૦ના રોજ મીટીંગ રાખવામાં આવેલ છે. જેમાં કોઠારીયા વિસ્તારની પાણીની પાઈપલાઈન નાખવાની મંજૂરી તથા ડ્રેનેજ પાઈપલાઈન નાખવાની મંજૂરી આપવામાં આવી હતી.

આ મીટીંગમાં વોટર સપ્લાય અને ડ્રેનેજ લાઈન NHAI ના સર્વિસ રોડમાં લાઈન નાખવાની તથા રોડ ક્રોસ કરવાની મંજૂરી ઘણા સમયથી અટકેલ હતી. જે પૈકી અમુક મંજૂરી આપવામાં આવેલ છે. બાકી રહેતી મંજૂરીની પ્રક્રિયા ૧ માસમાં પૂર્ણ કરી આપવામાં આવશે તેમ નેશનલ હાઈ–વે ઓથોરીટીના અધિકારીશ્રીઓએ જણાવ્યું હતું.

ઉપરોક્ત મીટીંગમાં કોઠારીયા ચોકડીથી આજી ડેમ સુધીની ડ્રેનેજ રાઉંઝીંગ મેઈન તથા બલ્ક વોટર પાઈપલાઈન નાખવાની પરમીશન આથી છે, તેમજ ગોંડલ રોડ નારાયણનગર પાસે બલ્ક વોટર પાઈપલાઈન રોડ ક્રોસિંગની પરમીશન આપવામાં આવી હતી. ગોંડલ રોડ વાવડી તરફથી રોડ ક્રોસિંગ ડ્રેનેજ રાઉંઝીંગ મેઈન પાઈપલાઈનની પરમીશન મળેલ છે.

ગોંડલ ચોકડીથી કોઠારીયા ચોકડી સુધી પાણીની પાઈપલાઈનની મંજૂરી, ગોંડલ ચોકડીથી ઓમ તિરૂપતિ સુધી ડ્રેનેજ લાઈનની મંજૂરી અને ગોંડલ ચોકડીથી જુના ટોલ નાકા સુધી પાણીની પાઈપલાઈન તથા ડ્રેનેજ પાઈપલાઈનની બાકી રહેલ મંજૂરી અંગે ટૂંક સમયમાં નિર્ણય કરવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થતા કોઠારીયા વિસ્તારની પાણી અને ડ્રેનેજની સુવિધાઓ પૂર્ણ થશે.


આજી - ૧ ડેમ


ન્યારી - ૧ ડેમ


ભાદર ડેમ



# આજી ડેમ-૧ ડેમમાં સૌની યોજના હેઠળ નર્મદાનું પાણી ફરીને ઠાલવવાનું શરૂ

મેયરશ્રી બિનાબેન આચાર્ય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી ઉદયભાઈ કાનગડ અને વોટર વર્કસ કમિટીના ચેરમેન બાબુભાઈ આહીરએ તા.૩–૭–૨૦૨૦ના રોજ એક યાદીમાં જણાવે છે કે, રાજકોટ શહેરને પીવાનું પાણી પૂરું પાડતા આજી–૧ ડેમ તથા ન્યારી–૦૧માં થોડા સમય પહેલા તબક્કાવા સૌની યોજના હેઠળ નર્મદાનું પાણી ઠાલવવામાં આવેલ. ફરી ગઈકાલથી મચ્છુ–૧ થી આજી ડેમ–૧માં નર્મદાનું પાણી ઠાલવવાનું શરૂકરવામાં આવેલ છે.

શહેરને પીવાનું પાણી પૂરું પડતા જળાશયો પૈકી હાલમાં ભાદરમાં ૧૯.૬૦ ફૂટ, ૧૮૦૯ MCFT, આજી–૧માં ૨૦.૩૧ ફૂટ ૪૨૫ MCFT અને ન્યારી–૧માં ૧૬.૨૧ ફૂટ ૫૨૨ MCFT જથ્થો ઉપલબ્ધ છે. નગરજનોએ પાણીની યાતના ખૂબજ ભોગવેલ પરંતુ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની સરકાર દ્વારા આજી–ન્યારી અને ભાદરને સૌની યોજના હેઠળ જોડી દેતા શહેરની પાણીની સમસ્યાનો અંત આવેલ.

રાજકોટ શહેરમાં જયારે જયારે પાણીની જરૂર ઊભી થયેલ છે ત્યારે ડેમમાં નર્મદાનું પાણી ઠાલવવાનું ઉપરાંત રૈયાધાર, બેડી વિગેરે જગ્યાએ વધારાનું નર્મદાનું પાણી આપવામાં આવે છે તે બદલ માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો આભાર વ્યક્ત કરેલ.

## આજી-૧ ડેમમાં 3.૭૦ ફૂટ, ન્યારી -૧ ડેમમાં ૧.૫૦ ફૂટ, ભાદર ડેમમાં ૦.30 ફૂટ નવા નીર આવ્યા કુલ ૩૬૦ MCFT જળ જથ્થો જળાશયોમાં ઠાલવ્યો

તા.૦૬–૦૭–૨૦૨૦ના રોજ શરૂ થયેલા સારા વરસાદના પરિણામે રાજકોટને પીવાનું પાણી પૂરૂ પાડતા જળાશયોમાં નવા નીરની આવક નોંધાઈ છે, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ડેમનું નામ | ગઈકાલની સપાટી (ફૂટમાં) | આજની સપાટી (ફૂટમાં) | નવું પાણી (ફૂટમાં) | કુલ સપાટી |
|---|---|---|---|---|---|
| ૧ | આજી - ૧ | ૨૦.૧૫(૪૨૦.૨૦ MCFT–જળ જથ્થો) | ૨૩.૮૫(૬૦૧.૨ MCFT–જળ જથ્થો) | 3.૭૦(૧૮૧ MCFT–જળ જથ્થો) | ૨૯ |
| ૨ | ન્યારી - ૧ | ૧૬.૧૦(૫૬૦.૫૮ MCFT–જળ જથ્થો) | ૧૮.૨૦(૬૬૪ MCFT–જળ જથ્થો) | ૧.૫૦(૧૦3.૪૨ MCFT–જળ જથ્થો) | ૨૫.૦૯ |
| 3 | ભાદર | ૧૯.૯૦(૧૮૮૨ MCFT–જળ જથ્થો) | ૨૦.૨૦(૧૯૫૮ MCFT–જળ જથ્થો) | 0.30(૭૬ MCFT–જળ જથ્થો) | 3૪ |

## આજી-૧ ડેમમાં ૦.૪૫, ન્યારી -૧ ડેમમાં ૧.૩૨ ફૂટ, ભાદર ડેમમાં ૦.૩૫ ફૂટ નવા નીર આવ્યા કુલ ૩૬૦ MCFT જળ જથ્થો જળાશયોમાં ઠાલવ્યો

તા.૦૭–૦૭–૨૦૨૦ના રોજ શરૂ થયેલા સારા વરસાદના પરિણામે રાજકોટને પીવાનું પાણી પૂરૂ પાડતા જળાશયોમાં નવા નીરની આવક નોંધાઈ છે, જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ડેમનું નામ | ગઈકાલની સપાટી (ફૂટમાં) | આજની સપાટી (ફૂટમાં) | નવું પાણી (ફૂટમાં) | કુલ સપાટી |
|---|---|---|---|---|---|
| ૧ | આજી - ૧ | ૨૩.૮૫(૬૦૧.૨ MCFT–જળ જથ્થો) | ૨૪.30(૬૨3.૮૫ MCFT–જળ જથ્થો) | 0.૪૫(૨૨.૫0 MCFT–જળ જથ્થો) | ૨૯ |
| ૨ | ન્યારી - ૧ | ૧૮.૨૦(૬૬૪ MCFT–જળ જથ્થો) | ૧૯.૫૨(૬૯૭ MCFT–જળ જથ્થો) | ૧.3૨(33 MCFT–જળ જથ્થો) | ૨૫.૦૯ |
| 3 | ભાદર | ૨૦.૨૦(૧૯૫૮ MCFT–જળ જથ્થો) | ૨૦.૫૫(૨૦૪૭ MCFT–જળ જથ્થો) | 0.3૫(૮૯ MCFT–જળ જથ્થો) | 3૪ |

# શહેરના જે વિસ્તારોમાં કોરોના પોઝિટિવ કેસ આવેલ છે ત્યાં ડીસઇન્ફેક્શન અને મેલેથીઓન પાવડરના છંટકાવની કામગીરી

## જાગનાથ વિસ્તારમાં થતી ધનવંતરી રથની કામગીરી નિહાળતા મ્યુનિ. કમિશનરશ્રી



રાજકોટ શહેરમાં જે વિસ્તારમાં કોરોનાના પોઝિટિવ કેસ જોવા મળી રહ્યા છે તે એરિયા અને આજુબાજુના એરિયામાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડીસઈન્ફેક્શન અને મેલેથીઓન પાવડરના છંટકાવની કામગીરી તા. ૧૧–૦૭–૨૦૨૦ના રોજ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત મનપા દ્વારા ૫૩ જેટલા ધનવંતરી રથ પણ શહેરના વિવિધ વિસ્તારોમાં મોકલી રોગ પ્રતિકારક શક્તિવર્ધક ઉકાળાનું પણ વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જાગનાથ વિસ્તારમાં ધનવંતરી રથ દ્વારા થતી કામગીરી નિહાળી હતી.

શહેરના વોર્ડ નં. ૬ માં સિલ્વર નેસ્ટ સોસાયટી, લોર્ડ ક્રિષ્ના સોસાયટી, વોર્ડ નં. ૧૬ માં અંકુર સોસાયટી, કસ્તુરી કેસલ એપાર્ટમેન્ટ – અંબિકા ટાઉનશીપ, ગાર્ડન સિટી – સાધુવાસવાણી રોડ, વોર્ડ નં. ૧૨ વાવડી ગામ શેરી નં–૪, ગુંજન – અ, સુખ સાગર સોસાયટી શેરી નં. ૧૦, વોર્ડ નં. ૧૩માં વીર નર્મદ ટાઉનશીપ, મણીનગર, વોર્ડ નં. ૧ માં રામેશ્વર પાર્ક–૨ના વિસ્તારોમાં કોરોના પોઝિટિવ દર્દીઓ મળી આવતા આ તમામ વિસ્તારો તેમજ તેની આજુબાજુના વિસ્તારોમાં મહાનગર––પાલિકા દ્વારા ડીસઈન્ફેક્શન અને મેલેથીઓન પાવડરના છંટકાવની કામગીરી કરવામાં આવી. મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલની સુચના અનુસાર પર્યાવરણ ઈજનેરશ્રી નિલેશ પરમાર ના માર્ગદર્શન હેઠળ જે–તે વોર્ડના S.I., S.S.I. સહિતના સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવેલ.



# રાજકોટ મહાનગરપાલિકાના તમામ સંકુલો સલામતઃ કોઇ જ નુકશાન નથી : મ્યુનિ. કમિશનરશ્રી

તા. ૧૬–૭–૨૦૨૦ના રોજ સવારે અનુભવાયેલા ૪.૮ની તીવ્રતાના ભૂકંપને પગલે રાજકોટ મહાનગરપાલિકાના કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે તમામ સંબધિત અધિકારીઓને મનપાના તમામ સંકુલોમાં ચેકિંગનો આદેશ આપ્યો હતો. આ આદેશ અનુસંધાને તમામ સિટી એન્જીનિયરશ્રીઓ અને અન્ય સંબધિત શાખા અધિકારીઓ દ્વારા સત્વરે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ અંગે અધિકારીઓના રીપોર્ટ વિશે વાત કરતા મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, શહેરમાં અનુભવાયેલા ભૂકંપના તીવ્ર ઝટકા બાદ મનપા દ્વારા તમામ સંકુલોમાં ચેકિંગ કરાયું હતું અને એક પણ સંકુલમાં કોઈ પ્રકારના નુકશાન થયેલ નથી. તમામ ફેસીલીટી સહી સલામત છે.

આજે સવારે ભૂકંપ બાદ તુર્ત જ આજી – ૧ ડેમ, આજી પમ્પીંગ સ્ટેશન, ફિલ્ટર પ્લાન્ટ, પમ્પ હાઉસ, વિવિધ હેડ વર્કસ, ન્યારી – ૧ ડેમ, ન્યારી પમ્પીંગ સ્ટેશન અને ફિલ્ટર પ્લાન્ટ, માધાપર – ગૌરીદળ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, રૈયાધાર અને ઘંટેશ્વર ખાતેના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ હસ્તકના બે ટ્રાન્સફર સ્ટેશન, રૈયાધાર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સિટી બસ અને BRTS ના બસ સ્ટોપ સહિતની ઈમારતોને કોઈ નુકશાની થઈ નથી. આ ઉપરાંત અધિકારી––ઓએ વોર્ડ નં.૧૭ માં આનંદનગર કોલોની, વોર્ડ નં.૧૦ માં ગુજરાત રૂરલ હાઉસીંગ બોર્ડ કોલોની તથા વોર્ડ નં.૬ માં હાઉસીંગ બોર્ડ ક્વાર્ટરમાં પણ ચેકિંગ હાથ ધરાયું હતું અને તેમાં નુકશાની જોવા મળેલ નથી.

ઈ-ન્યુઝલેટર સ્માર્ટ રાજકોટ

## ઈન્ડીયા ગ્રીન બીલ્ડીંગ કાઉન્સીંલ (IGBC) દ્વારા

# સમગ્ર દેશમાં સર્વ પ્રથમ રાજકોટને ગ્રીન રેટેડ પ્લેટિનિયમ લેવલ સ્માર્ટ સિટી જાહેર કરાયું



ઇન્ડીયા ગ્રીન બીલ્ડીંગ કાઉન્સીંલ (IGBC) મારફત ઓગષ્ટ ૨૦૧૯માં રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. દ્વારા તૈયાર કરવામાં આવેલ માસ્ટર પ્લાન, IGBC ગ્રીન સીટીઝ રેટીંગ સીસ્ટમની માર્ગદર્શિકા મુજબ ગ્રીન સીટી સર્ટીફિકેશન મુજબ, માસ્ટર પ્લાન તૈયાર થયેલ હોવા અંગેનું સર્ટીફિકેટ મળેલ છે. રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. તા.૧૬–૦૭–૨૦૨૦નાં રોજ ઇન્ડીયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (IGBC) દ્વારા રાજકોટ સ્માર્ટ સીટીનાં પ્રોજેક્ટનાં પ્લાનિંગને ફાઇન્લ સર્ટીફીકેશન રીવ્યુ બાદ ટોટલ ૮૧ માંથી ૮૧ પોઇન્ટસ મળેલ છે તથા IGBC દ્વારા ગ્રીન સીટી સૌથી વધુ રેટીંગ પ્લેટીનિયમ લેવલ આપવામાં આવેલ છે. જે ભારતનું પ્રથમ ગ્રીન રેટેડ પ્લેટિનિયમ લેવલ સ્માર્ટ સિટી થશે, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું.

ભારત સરકારશ્રી દ્વારા સ્માર્ટ સીટીમાં રાજકોટ શહેરની પસંદગી કરેલ હોય સ્માર્ટ સીટી પ્રોજેક્ટને વિના વિલંબે ત્વરીત અમલમાં મુકી શકાય તે માટે Special Purpose Vehicle (SPV)ની રચના તાત્કાલિક કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જરૂરી પ્રક્રિયા કરી સરકારશ્રી દ્વારા તા.૨૧–૦૮–૨૦૧૭નાં રોજ મંજુર કરીને, રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. (RSCDL) ને લીમીટેડ કંપની તરીકે રજીસ્ટર / ઇનકોર્પોરેશન જાહેર કરવામાં આવેલ. સ્માર્ટ સીટી અંતર્ગતના તમામ પ્રોજેકટનું અમલીકરણ રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.(RSCDL) દ્વારા કરવામાં આવે છે.

રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી. મારફત કુલ ૯૩૦ એકરનો માસ્ટર પ્લાન INI ડીઝાઈન સ્ટુડીયો લેડ કન્સોર્ટિયમ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. જેમા ટી.પી. સ્કીમ–૩૨ રૈયા તૈયાર કરી સરકારશ્રી મારફત મુસદ્ધારૂપ યોજના મંજુરી મળેલ છે. આ કારણે રાજકોટ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટ લી.ને ૧૮ મીટર થી ૬૦ મીટર સુધીનાં કુલ ૨૧ કી.મી.નાં રસ્તાઓનાં કબજા મળેલ છે. માસ્ટર પ્લાનમાં નોન–મોટોરાઈઝ્ ટ્રાન્સપોર્ટ નેટવર્ક અને લાસ્ટ માઈલ કનેક્ટિવિટીની પણ યોજના છે, તેમજ હયાત ત્રણ તળાવને જાળવી રાખી તેનું નવીનીકરણ કરી તેમને એકબીજા સાથે જોડેલ છે. આ પ્લેટીનિયમ લેવલ સર્ટીફીકેશન દર્શાવે છે કે રાજકોટ સ્માર્ટ સીટીનું પ્લાનિંગ, ઈકોલોજી તથા પ્રેઝર્વેશન, સીટીઝન વેલફેર, એફિશિયન્ટ લેન્ડ યુઝ પ્લાનિંગ, ગ્રીન ટ્રાન્સપોર્ટેશન, સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રકચર મેનેજમેન્ટ જેવા ઇનોવેશનથી એન્વાયરોનમેન્ટલ કેટેગોરીઝનાં પ્લાનિંગમાં આગેવાની ધરાવે છે.

આ પ્રોજેક્ટનું સફળતાપૂર્વક અમલીકરણ થી સમગ્ર ભારતમાં રાજકોટ સ્માર્ટ સીટી એક મોડેલ ગ્રીન સીટી તથા સ્માર્ટ ગ્રીન સીટીનું હબ બનશે.




## હોકર્સ ઝોનના તમામ ધંધાર્થીઓના ત્રણ માસના ભાડા માફ કરાશે

કોરોનાની મહામારીની વર્તમાન સ્થિતિમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હોકર્સ ઝોનમાં વ્યવસાય કરતા ગરીબ વર્ગના ધંધાર્થીઓના હિતમાં એક ઉમદા નિર્ણયમાં તેઓના છેલ્લા ત્રણ મહિનાના હોકર્સ ઝોનના ભાડા માફ કરવાનું નક્કી કરવામાં આવેલ હોવાનું માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડ અને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે તા. ૧૦–૭–૨૦૨૦ જાહેર કરેલ છે.

આ સંદર્ભમાં વાત કરતા માન. મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી અને મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવેલ છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં બનાવ––વામાં આવેલા ૯૯ હોકર્સ ઝોનમાં ૪૫૦૦ જેટલા ધંધાર્થીઓ વ્યવસાય કરી રોજીરોટી મેળવે છે. હોકર્સ ઝોનમાં જગ્યા મેળવી વ્યવસાય કરતા આ ધંધાર્થીઓએ દર મહિને રૂ.૫૦૦નું ભાડું ચૂકવવાનું હોય છે. કોરોનાની મહામારી વચ્ચે તા. ૨૫– માર્ચથી મે–૨૦૨૦ના અંત સુધી લોકડાઉનને કારણે આ ધંધાર્થીઓ વ્યવસાય કરી શક્યા ન્હોતા અને આ બધા ધંધાર્થીઓ ખુબ જ નાના વર્ગના હોય જેથી આ બાબતે મહાનગરપાલિકાના પદાધિ––કારીશ્રીઓ અને મ્યુનિ. કમિશનર શ્રી એ પુખ્ત વિચારણા કરી હતી. આ ચર્ચાના પરિણામ સ્વરૂપે મહાનગર––પાલિકાએ આ ધંધાર્થીઓને આર્થિક રાહત આપવાના આશય આ ત્રણ માસ એટલે કે એપ્રિલ, મે અને જુન ૨૦૨૦ સુધીનું ભાડું માફ કરવાનો ઉમદા નિર્ણય કર્યો છે.

પદાધિકારીશ્રીઓ અને મ્યુનિ. કમિશનરશ્રી એ વિશેષમાં એમ પણ જણાવ્યું હતું કે, જે ધંધાર્થીઓએ એપ્રિલ–૨૦૨૦ થી જુન–૨૦૨૦ સુધીમાં ભાડું ચૂકવ્યું હશે તેઓને આ રકમ પછીના માસના ભાડામાં મજરે આપવામાં આવશે.



## જાહેર જનતાની સાનુકૂળતા અને વહીવટી સરળતા માટે હવે ઝોન કચેરીમાં પણ અરજદારોને મુલાકાત આપશે કમિશનરશ્રી

રાજકોટ શહેરના નાગરિકોને મહાનગરપાલિકાના કામકાજ માટે દુર સુધી જવું ન પડે અને તેઓના રહેઠાણની નજીકમાં મહાનગરપાલિકાની સેવાઓ સરળતાથી મળી રહે તે હેતુથી મહાનગરપાલિકાની કામગીરી ઈસ્ટ, વેસ્ટ અને સેન્ટ્રલ એમ ૦૩ (ત્રણ) ઝોનમાં વિભાજીત કરવામાં આવેલ છે.

આ સુવિધાનો મહત્તમ લોકોને લાભ મળે તે કારણસર તા.૦૧–૦૭–૨૦૨૦ થી મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ હવેથી સપ્તાહમાં એક–એક દિવસ ત્રણેય ઝોન ખાતે ઉપસ્થિત રહી ઓફીસનું કાર્ય હાથ પર લેશે અને મુલાકાતીઓને મુલાકાત પણ આપશે.

મ્યુનિ. કમિશનરશ્રી દર સપ્તાહ જાહેર રજા ન હોય કે અગત્યના અન્ય સરકારી કર્યો સંબંધી મીટીંગો ન હોય તેવા સમયે દર સોમવારે સેન્ટ્રલ ઝોન, ગુરૂવારે વેસ્ટ ઝોન અને શનિવારે ઈસ્ટ ઝોન ખાતે સાંજે ૫ થી ૬ વાગ્યા દરમ્યાન અરજદારશ્રીઓને મુલાકાત.






## વોર્ડ વાઈઝ માસ્ક ઝુંબેશ | ડો. યાજ્ઞિક રોડ પર ખુદ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે માસ્ક વગરના લોકો સામે પગલાં લીધા

કોરોના વાઇરસના સંક્રમણને અટકાવવા લોકડાઉન સહિતના વિવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. સાથોસાથ લોકોને માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા તથા વધુ સંખ્યામાં લોકોને એકત્ર નહી થવા અવારનવાર વિનતીસહ સૂચનાઓ આપવામાં આવેલી છે. આમ છતાં કેટલાક લોકો બેદકારીપૂર્ણ રીતે વર્તતા હોવાનું ધ્યાને આવેલ છે. આ સંજોગોમાં ચેપ પ્રસરવાનો ભય રહે છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલના આદેશ અનુસાર તા.૨૨-૭-૨૦૨૦ ના રોજ તમામ વોર્ડમાં ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં શહેરના તમામ ૧૮ વોર્ડમાં અધિકારી અને કર્મચારીઓની ટીમો ફિલ્ડમાં ઉતારવામાં આવી હતી અને આ ઝુંબેશ દરમ્યાન છેલ્લા બે દિવસમાં કુલ ૮૫૬ લોકો પાસેથી રૂ.૧૭૧૨૦૦ નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો. વિશેષમાં આજે ડૉ. યાજ્ઞિક રોડ પર ખુદ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે માસ્ક વગરના લોકો સામે પગલાં લીધા. માસ્ક પહેર્યા વગર ફરી રહેલા લોકો પાસેથી દંડ વસુલી પોતે જ દંડની પહોંચ લખી હતી.

માસ્ક નહી પહેરનારા કે પછી નાક અને મ્હો સરખું ઢંકાય નહી તેવી રીતે માસ્ક નહી પહેરનારા લોકો અન્ય નાગરીકોમાં ચેપ ફેલાવી શકે તેવી દહેશત રહે છે, તેમ જણાવી મ્યુનિ, કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે સમગ્ર બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ આવા નાગરિકો પાસેથી પેનલ્ટી વસૂલ કરવા સમયાંતરે ઝુંબેશ ચલાવવા આદેશ આપાયેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાનો આશય લોકોને દંડિત કરવાનો નહી પણ માસ્ક પહેરવા જાગૃત રહે તે માટેનો છે. માસ્ક નહી પહેરનાર લોકો પોતાના અને સામેવાળા લોકોના સ્વાસ્થ્ય માટે પણ જોખમી બની રહે છે. સૌ જાહેર સ્વાસ્થ્યના હિતમાં માસ્ક પહેરે, વખતો વખત હાથ ધોવે, સોશિયલ ડિસ્ટન્સ જાળવે તેમજ વખતો વખત તંત્ર દ્વારા અપાતી સૂચનાઓ અને માર્ગદર્શિકાઓનો ચુસ્તપણે અમલ કરે તે જરૂરી છે.







## વોર્ડ વાઈઝ માસ્ક ઝુંબેશ | માસ્ક નહી પહેરનારા ૧૪૯૨ લોકો પાસેથી પેનલ્ટી વસૂલ કરાઈ

કોરોના વાઇરસના સંક્રમણને અટકાવવા લોકડાઉન સહિતના વિવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. સાથોસાથ લોકોને માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા તથા વધુ સંખ્યામાં લોકોને એકત્ર નહી થવા અવારનવાર વિનતીસહ સૂચનાઓ આપવામાં આવેલી છે. આમ છતાં કેટલાક લોકો બેદકારીપૂર્ણ રીતે વર્તતા હોવાનું ધ્યાને આવેલ છે. આ સંજોગોમાં ચેપ પ્રસરવાનો ભય રહે છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ ના આદેશ અનુસાર બે દિવસથી તમામ વોર્ડમાં ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં આજે શહેરના તમામ ૧૮ વોર્ડમાં અધિકારી અને કર્મચારીઓની ટીમો ફિલ્ડમાં ઉતારવામાં આવી હતી અને આ ઝુંબેશ દરમ્યાન તા.૧૫-૭-૨૦૨૦ના રોજ સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધીમાં શહેરમાં માસ્ક પહેર્યા વિના ફરતા કુલ ૭૨૩ નાગરિકો પાસેથી રૂા.૧,૪૪,૬૦૦ની પેનલ્ટી વસૂલ કરવામાં આવી હતી. જયારે ગઈ કાલે તા. ૧૪-૭-૨૦૨૦ ના રોજ કુલ ૭૬૯ નાગરિકોથી રૂા.૧૫૩૮૦૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

વિશેષમાં, મ્યુનિ. કમિશનરશ્રીએ ખુદ પણ ગેસ્ફોર્ડ સિનેમાવાળા રોડ પર માસ્ક નહિ પહેરેલ વ્યક્તિ પાસેથી પેનલ્ટી રૂા.૨૦૦ નો દંડ વસુલી હતી. આમ, બે દિવસમાં આજ સાંજ સુધીમાં કુલ ૧૪૯૨ નાગરિકો પાસેથી રૂા.૨૯૮૪૦૦નો દંડ વસુલ કરેલ છે.

માસ્ક નહી પહેરનારા કે પછી નાક અને મ્હો સરખું ઢંકાય નહી તેવી રીતે માસ્ક નહી પહેરનારા લોકો અન્ય નાગરીકોમાં ચેપ ફેલાવી શકે તેવી દહેશત રહે છે, તેમ જણાવી મ્યુનિ, કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે સમગ્ર બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ આવા નાગરિકો પાસેથી પેનલ્ટી વસૂલ કરવા સમયાંતરે ઝુંબેશ ચલાવવા આદેશ આપાયેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાનો આશય લોકોને દંડિત કરવાનો નહી પણ માસ્ક પહેરવા જાગૃત રહે તે માટેનો છે. માસ્ક નહી પહેરનાર લોકો પોતાના અને સામેવાળા લોકોના સ્વાસ્થ્ય માટે પણ જોખમી બની રહે છે.સૌ જાહેર સ્વાસ્થ્યના હિતમાં માસ્ક પહેરે, વખતો વખત હાથ ધોવે, સોશિયલ ડિસ્ટન્સ જાળવે તેમજ વખતો વખત તંત્ર દ્વારા અપાતી સૂચનાઓ અને માર્ગદ-શિકાઓનો ચુસ્તપણે અમલ કરે.




# સફાઈ કામદાર (પાર્ટ ટાઈમ) ની કુલ ૪૪૧ જગ્યા માટે ભરતી માટે તમામ વોર્ડ ઓફિસમાં ફોર્મ વિતરણ શરૂ

હાલમાં રાજકોટ શહેરમાં ભળેલા નવા વિસ્તારોની સફાઈ કામગીરીને સુદ્રઢ બનાવવા માટે તા.૨૧–૦૭–૨૦૨૦ થી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટમાં રોજમદાર સફાઈ કામદાર (પાર્ટ ટાઈમ) ની કુલ ૪૪૧ જગ્યા માટે ભરતી પ્રકિયા અન્વયેના અરજી ફોર્મનું વિતરણ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિના–મુલ્યે વિતરણ શરૂ કરવામાં આવેલ છે.

તા.૨૨–૦૭–૨૦૨૦ થી મનપાના પૂર્વ ઝોન અને પશ્ચિમ ઝોનના સિટી સિવિક સેન્ટર તથા તમામ વોર્ડ ઓફીસ (અપ વિભાગ) ખાતેથી આ અરજી ફોર્મનું વિતરણ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલી છે. સેન્ટ્રલ ઝોન કચેરીના સિટી સિવિક સેન્ટર ખાતે વધુ સંખ્યમાં અરજદારો આવતા તેમજ સિટી સિવિક સેન્ટરમાં અન્ય કામો માટે આવતા મુલાકાતીઓની પણ મોટી સંખ્યા ધ્યાને લઈ સેન્ટ્રલ ઝોન કચેરીમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવાના હેતુસર ફોર્મનું વિતરણ બંધ કરવામાં આવેલ છે.

આ ફોર્મ મેળવવા માટે અરજદારે રૂબરૂ તા.૨૧–૭–૨૦૨૦ થી તા.૧૭–૮–૨૦૨૦ સુધીમાં કચેરીના સમય ૧૦:૩૦ થી ૧૪:૦૦ અને ૧૪:૩૦ થી ૧૬:૦૦ કલાક સુધીમાં મેળવી લેવાનું રહેશે. વધુમાં જરૂરી આધાર પુરાવા સાથેના ભરેલ અરજી ફોર્મ તા.૨૭–૭–૨૦૨૦ થી તા.૧૮–૮–૨૦૨૦, ૧૬:૦૦ કલાક સુધીમાં પૂર્વ ઝોન અને પશ્ચિમ ઝોનના સિવિક સેન્ટર ખાતે જમાં કરાવવાના રહેશે. અરજી ફોર્મ મેળવવા માટે અરજદારે તેના માતા / પિતા / દાદા / દાદી રાજકોટ મહાનગરપાલિકામાં કાયમી સફાઈ કામદાર તરીકે કામગીરી કરી નિવૃત્ત થયેલ હોય, તેના પુરાવારૂપે પેન્શન બુકની નકલ અથવા પગાર સ્લીપની નકલ રજુ કરવાની રહેશે. નિયત સમય બાદ તેમજ રૂબરૂ સિવાયના અન્ય માધ્યમથી રજુ થતી અરજીઓ સ્વીકારવામાં આવશે નહી. ઉરોકત સમગ્ર પ્રકિયા વિના મુલ્યે હોય, કોઈપણ પ્રકાર ફી કે ચાર્જ ઉમેદવારે ભરવાનો રહેતો નથી જેની નોંધ લેવી.







# PM SVAnidhi યોજના અંગે છોટુનગર હેલ્થ કેમ્પમાં ૫૦૦ થી વધુ ફેરિયાઓને માહિતગાર કરાયા

શહેરી ફેરીયાઓને સરકારશ્રીની યોજનાઓનો ડાયરેક્ટ લાભ મળી રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં–૨ ખાતે તા.૩૧–૭–૨૦૨૦ના રોજ છોટુનગર, શેરી નં. ૨, શાળા નંબર ૬૦ના ખુણે શેરી ફેરીયાઓને PM Street Vendors AtmaNirbhar Nidhi (PM SVAnidhi) યોજનાનો ડાયરેક્ટ લાભ મળી રહે તે માટે શહેરી ફેરીયા હેલ્થ કેમ્પ, આઈ–કાર્ડ વિતરણ તથા ઓન–લાઈન ફોર્મ ભરવા જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ. જે અંતર્ગત ૫૨૧ જેટલા શહેરી ફેરીયાઓને આ યોજના હેઠળ માહિતગાર કરાયા હતા.

આવાસ અને શહેરી બાબતો મંત્રાલય દ્વારા COVID-19 થી અસરગ્રસ્ત શહેરી ફેરીયાઓની આજીવિકા માટે તેમનો વ્યવસાય શરૂ કરી શકે તે હેતુથી શહીરી ફેરીયાઓને વર્કીંગ કેપિટલ લોન આપવામાં PM Street Vendors AtmaNirbhar Nidhi (PM SVAnidhi) a scheme for special micro-credit facility, ૧૦૦% કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના લાગુ કરવામાં આવેલ છે. આ યોજના દ્વારા રાજકોટ શહેરના તથા શહેરે બહારથી ગ્રામ્ય વિસ્તારમાથી ફેરી કરવા આવનાર અને ૨૪ માર્ચ–૨૦૨૦ પહેલા ફેરીની પ્રવૃત્તિ કરતા તમામ શેરી ફેરીયાઓને આ યોજના અંતર્ગત લાભ પ્રદાન કરવામાં આવનાર છે.

આ યોજના હેઠળ શહેરી ફેરીયાઓને બેંક દ્વારા રૂ.૧૦૦૦૦ સુધીની વર્કિંગ



કેપિટલ લોન આપવામાં આવશે. જેમા પ્રતિ માસ રૂ.૯૪૬નો લોન હપ્તો ૧૨ માસ ભરવાનો રહેશે અને બેંકને કોઈપણ પ્રકારની સિક્યુરીટી આપવાની રહેતી નથી. તેમજ સમયસર કે વહેલા લોન ભરપાય કરવાથી ૭% વ્યાજ લાભાર્થીના બેંક ખાતામાં DBT મારફત ત્રીમાસીક જમા કરવામાં આવશે. મુદત પહેલા લોન ભરપાય કરી શકાશે અને ડીઝીટલ પેમેન્ટ કરવાથી લાભાર્થીને રૂ.૧૨૦૦ કેશબેક મળવા પાત્ર થશે.



# શહેરી ફેરિયાઓને રૂા.૧૦,૦૦૦ ની વર્કિંગ કેપિટલ લોન અપાવવા ૨૪ બેંકોના પ્રતિનિધિશ્રીઓ સાથે મનપાની બેઠક

આવાસ અને શહેરી બાબતો મંત્રાલય દ્વારા COVID-19 થી અસરગ્રસ્ત શહેરી ફેરિયા ઓની આજીવિકા માટે તેમનો વ્યવસાય શરૂ કરી શકે તે હેતુથી શહેરી ફેરિયા ઓને વર્કિંગ કેપિટલ લોન આપવા PM Street Vendors AtmaNirbhar Nidhi (PM SVAnidhi) a scheme for special micro-credit facility, ૧૦૦% કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના લાગુ કરવામાં આવેલ છે. આ યોજના દ્વારા રાજકોટ શહેરના તથા શહેરમાં બહારથી ગ્રામ્ય વિસ્તારમાંથી ફેરી કરવા આવનાર અને ૨૪ માર્ચ–૨૦૨૦ પહેલા ફેરીની પ્રવૃત્તિ કરતા તમામ શેરી ફેરિયાઓને આ યોજના અંતર્ગત લાભ પ્રદાન કરવામાં આવનાર છે. જે અંતર્ગત મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગર––પાલિકા સેન્ટ્રલ ઝોન મીટિંગ હોલ ખાતે ડેપ્યુટી કમિશનર શ્રી ચેતન નંદાણીનાં અધ્યક્ષ સ્થાને તા.૨૨–૭–૨૦૨૦ ના રોજ શહેરની ૨૪ બેન્કોના પ્રતિનિધિશ્રી ઓની મીટીંગ યોજવામાં આવેલ હતી.

આ બેઠકમાં એસ.બી.આઈ લીડ બેંક, કાલુપુર કોમર્શિયલ બેંક, પંજાબ નેશનલ બેંક, સી.ડ.બી. બેંક, ઇક્વીટાસ સ્મોલ બેંક, HDFC બેંક, બંધન બેંક, સીટી યુનિયન બેંક, ICICI બેંક, ફાઈનાન્સર સ્મોલ ફાઈનાન્સ બેંક, એક્સિક બેંક, આંધ્રા બેંક, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ઉજ્જીવન સ્મોલ ફાઈનાન્સ બેંક, રાજકોટ નાગરિક સહકારી બેંક, કર્નાટકા બેંક, બેંક ઓફ ઈન્ડિયા, સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક, બેંક ઓફ બરોડા, સૂર્યોદય સ્મોલ ફાઈનાન્સ બેંક, DBC બેંક, કેનેરા બેંક, જના સ્મોલ ફાઈનાન્સ બેંક, યુનિયન બેંક તથા Indusind બેંકના મેનેજરશ્રીઓ હાજર રહેલ. આ મીટીંગમાં PM Svanidhi યોજના અંતર્ગત સ્ટ્રીટ વેન્ડરો લોન અરજી કરવા અંગે તથા લોન મંજુર કરવા અંગે વિગતે ચર્ચા કરવામાં આવી તથા પંજાબ નેશનલ બેંક અને કેનેરા બેંક દ્વારા ઓનલાઈન મહત્તમ લોન અરજીઓ સ્વીકારેલ છે. જે બદલ રાજકોટ મહાનગરપાલિકાના ડે. કમિશનરશ્રીએ તેઓની કામગીરી બિરદાવી અભિનંદન પાઠવેલ છે. આવી જ રીતે અન્ય બેંકો પણ આ યોજનામાં ભાગીદાર બની મહત્તમ શહેરી ફેરિયા ઓ આત્મનિર્ભર બને તે દિશામાં હકારાત્મક બની કામગીરી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ યોજના હેઠળ શહેરી ફ્રીયાઓને બેંક દ્વારા રૂા.૧૦૦૦૦ સુધીની વર્કિંગ કેપિટલ લોન આપવામાં આવશે. જેમા પ્રતિ માસ રૂા.૯૪૬ નો લોન હપ્તો ૧૨ માસ ભરવાનો રહેશે અને બેંકને કોઈપણ પ્રકારની સિક્યુરીટી આપવાની રહેતી નથી. તેમજ સમયસર કે વહેલા લોન ભરપાય કરવાથી ૭% વ્યાજ લાભાર્થીના બેંક ખાતામાં DBT મારફત ત્રીમાસીક જમા કરવામાં આવશે. મુદત પહેલા લોન ભરપાય કરી શકાશે અને ડીઝીટલ પેમેન્ટ કરવાથી લાભાર્થીને રૂા.૧૨૦૦ કેશબેક મળવા પાત્ર થશે. હાલ રાજકોટ શહેરના તમામ હોકર્સ ઝોન ખાતે પ્રોજેક્ટ શાખાના તથા રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (NULM) ના સમાજ સંગઠકો તથા CLC કો–ઓર્ડીનેટરો દ્વારા સ્થળ પર જ લોન ફોર્મ ભરવા અંગેની કામગીરી હાલ ચાલુ છે. જેથી તમામ શહેરી ફેરિયા ઓને આધાર કાર્ડ, વોટર આઇડી, બેંક પાસબુકની કોપી તથા શહેરી ફેરિયા આઇ કાર્ડ તેમની સાથે રાખવા અપીલ કરવામાં આવે છે.





# કોરોના સામે સાવચેતી ચા અને પાનની દુકાનોએ ટોળા અટકાવવા દુકાનદારોને ચેતવણી : તમામ વોર્ડમાં ચેકિંગ શરૂ કરાવતા મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

હાલની કોરોના વાયરસની સ્થિતિમાં નાગરિકો જાણ્યે અજાણ્યે સંક્રમણના વાહક ન બને અને ખુદ પણ સંક્રમિત થતા બચે તેવા આશય સાથે મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલના આદેશ અનુસાર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૪–૭–૨૦૨૦ના રોજ શહેરભરમાં ચા–પાનની તમામ દુકાનોએ ગ્રાહકોની ભીડ એકત્ર ના થાય તે સુનિશ્ચિત કરવા તમામ દુકાનોનુ ચેકિંગ કરવામાં આવ્યું હતું અને દુકાનદારોને આ બાબતે ખાસ કાળજી અને સતર્કતા દાખવવા ચેતવણી પણ આપવામાં આવી હતી. સાથોસાથ આજે ૨૫ દુકાનદારોને ત્યાંથી એસ્ટેટ બ્રાંચ દ્વારા રૂા.૨૪૫૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. સરકારશ્રી ની માર્ગદર્શિકા અનુસાર કોરોના વાયરસના સંક્રમણને ફેલાતું અટકાવાનો અસરકારક ઈલાજ સોશિયલ ડિસ્ટન્સ આવશ્યક રીતે જાળવવામાં આવે તે જ છે.

ગઈકાલે મ્યુનિ. કમિશનરશ્રીએ શહેરના તમામ નાગરિકો અને ચા–પાનના તમામ દુકાનદારો જોગ એક એવી સૂચના જાહેર કરી હતી કે, હજુ નાગરિકોમાં આ બાબતો અંગે પર્યાપ્ત જાગૃતિ દેખાતી નથી તે ચિંતાની વાત છે. નાગરિકો કોરોના વાયરસના સંક્રમણથી બચી શકે તેવા ઉમદા આશય સાથે તા.૪–૭–૨૦૨૦ થી ચા–પાનની દુકાનો પર ગ્રાહકોનો સમૂહ જોવા મળશે તો એવી દુકાનો જાહેર સ્વાસ્થ્યના હિતમાં તત્કાલ બંધ કરાવવામાં આવશે.

કમિશનરશ્રી ઉદિત અગ્રવાલના આ આદેશ અનુસંધાને તા.૪–૭–૨૦૨૦ના રોજ સવારથી જ તમામ વોર્ડમાં વોર્ડ ઓફિસરશ્રી, એસ્ટેટ શાખાના ઈન્સ્પેકટરશ્રી અને અન્ય સ્ટાફ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ ઝુંબેશના આજે પ્રથમ દિવસે મનપાની ટીમો દ્વારા ચા–પાનના વેપારીઓને ગ્રાહકોના ટોળા એકત્ર થતા અટકાવા કડક તાકિદ કરવામાં આવી હતી. જો કોઈ દુકાનોએ સોશિયલ ડિસ્ટન્સ જળવાતું નહી હોવાનું ધ્યાને આવશે તો મનપા દ્વારા એ દુકાન તત્કાલ બંધ કરાવી દેવામાં આવશે. સાથોસાથ જે તે વેપારી પણ આવા પગલાં નિવારવા પોતાની દુકાને એ પ્રકારની વ્યવસ્થા જાળવે કે ગ્રાહકોનો સમૂહ એકત્ર જ ન થાય.

કોરોનાથી બચવા સૌ નાગરિકો એલર્ટ બને તે અત્યંત જરૂરી હોવાની ખાસ અપીલ કરતા કમિશનરશ્રીએ એમ જણાવ્યું હતું કે, ચા–પાનની દુકાનેથી લોકો ટેઈક અવે પધ્ધતિ એટલે કે પાર્સલ લઈ જવાનો જ આગ્રહ રાખે તે ઈચ્છનીય છે. દુકાનદારોએ પણ પોતાની દુકાન પાસે લોકોના ટોળા ભેગા ના થાય તેની કાળજી રાખવી જરૂરી છે. કોરોના વાયરસના ચેપથી બચવાનો ઉપાય નાગરિકો વચ્ચે આવશ્યક અંતર બની રહે તે છે. આ બાબતમાં બેકાળજી દાખવવી એ બીમારીને આમંત્રણ આપ્યા જેવું બની રહેશે. હાલના સમયમાં કોરોના વાયરસના પ્રસારને રોકવામાં સૌ નાગરિકોની ભૂમિકા અત્યંત અનિવાર્ય અને મહત્વપૂર્ણ બની છે. સામાજિક અને વ્યક્તિગત અંતર જાળવવું, હાથ વારંવાર સાફ કરવા, એકબીજા સાથે હાથ મિલાવવાને બદલે આવશ્યક રીતે નમસ્કારની મુદ્રાનો આશરો લેવો, માસ્ક પહેરવું, સહેજ પણ માંદગી જોવા મળે તો તુર્ત જ તબીબી સારવાર લેવી વગેરે જેવી બાબતોની કાળજી રાખવાથી કોરોનાને દુર રાખી શકાશે.








# કોરોના સામે સાવચેતી શાકભાજીના ફેરિયાઓ સુપર સ્પ્રેડર ન બને તે માટે છોટુનગર ખાતે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો

**કેમ્પમાં ૧૩૭૮ લોકોનું સ્ક્રિનિંગ કરાયું અને ટેમ્પરેચર, SPO2 અને કોરોનાના અન્ય લક્ષણો જણાતા ૩૪૮ લોકોના ટેસ્ટ કરાયા જે માંથી ૦૫ કેસ પોઝિટિવ મળતા વધુ સારવાર માટે રીફર કરાયા: મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે આપેલી માહિતી**

**PM સ્વનિધિ યોજના અંગે આશરે ૫૦૦ થી વધારે લોકોને વિસ્તૃત માહિતી આપેલ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કોરોના વાયરસના સંક્રમણનો પ્રસાર રોકવા શક્ય તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોરોનાનો ચેપ ફેલાતો રોકવા સાવચેતીરૂપે શાકભાજી વેંચતા ફેરિયા ભાઇ–બહેનો કોરોનાના સુપર સ્પ્રેડર ન બને તે માટે આવશ્યક પગલાંઓના ભાગરૂપે તા.૩૧–૭–૨૦૨૦ના રોજ સવારે છોટુનગર વિસ્તારમાં મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલની ખાસ ઉપસ્થિતિ વચ્ચે મેગા હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૩૭૮ લોકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું અને ટેમ્પરેચર, SPO2 અને કોરોનાના અન્ય લક્ષણો જણાતા ૩૪૮ લોકોના ટેસ્ટ કરાયા જેમાંથી ૦૫ કેસ પોઝિટિવ મળતા વધુ સારવાર માટે રીફર કરાયા તેમને વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવેલ છે અને બાકીના ફેરિયાઓને હેલ્થ કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા હતા.

આ કેમ્પના આયોજન વિશે વાત કરતા મ્યુનિસિપલ કમિશનરશ્રી ઉદિત અગ્રવાલે એમ જણાવ્યું હતું કે, શાકભાજી વેંચનારા લોકોનો મોટો સમૂહ છોટુનગર વિસ્તારમાં રહેતો હોઈ રાજકોટ મહાનગરપાલિકાએ ત્યાં સ્થળ પર જ હેલ્થ કેમ્પનું આયોજન



કર્યું હતું. શાકભાજી વેંચવા માટે આ ફેરિયા ભાઈ – બહેનો શહેરના વિવિધ વિસ્તારોમાં ફરતા હોય છે અને આ પ્રકારે ઘણા લોકોના આડકતરા સંપર્કમાં આવે છે. શાકભાજીના માધ્યમથી તેઓ કોરોના વાયરસના સુપર સ્પ્રેડર ન બની જાય તેવા આશય સાથે તેમના સ્વાસસ્થ્યની ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

તેમણે એમ પણ કહ્યું હતું કે, આ હેલ્થ કેમ્પમાં રાજકોટ મહાનગરપાલિકા ની મેડિકલ ટીમ દ્વારા મોટાભાગના ફેરિયા ભાઈ – બહેનોને આવરી લેવામાં આવેલ હતા. જેમાં મેડિકલ ટીમે તમામ ફેરીયાઓનું સ્વાસ્થ્ય કેવું છે તેની પ્રાથમિક થર્મલ સ્ક્રિનિંગ અને પલ્સ ઓક્સિમીટર વડે ચકાસણી કરવામાં આવેલ હતી.

હેલ્થ કેમ્પ દરમ્યાન પ્રોજેક્ટ શાખાના અધિકારીશ્રી તથા સ્ટાફ દ્વારા પી.એમ. સ્વનિધિ યોજના અંગે આશરે ૫૦૦થી વધારે લોકોને વિસ્તૃત માહિતી




આપવામાં આવી હતી.

આ યોજના હેઠળ અરજદારને બેંક મારફત રૂા.૧0000 સુધીની લોન આપવામાં આવે છે.

આ મેડિકલ કેમ્પમાં ત્રણેય નાયબ મ્યુનિ. કમિશનરશ્રીઓ, હેલ્થ ઓફિસરશ્રી અને અન્ય મેડિકલ ઓફિસરશ્રીઓ અને તેમના સ્ટાફ તેમજ પ્રોજેક્ટ શાખાના અધિકારીશ્રી અને સ્ટાફ ફરજ પર હતાં.







# સિવિલમાં કોરોનાની સારવારની કહાની...ખુદ કોરોનાના દર્દીની જુબાની





# સિવિલ હોસ્પિટલ કોરોનાના દર્દીઓ માટે ખરેખર આશીર્વાદરૂપ

હાલ કોરોના વાયરસના સંક્રમણ સામે સરકારશ્રી, વહીવટી તંત્ર અને નાગરિકો સામૂહિક પ્રતિકાર અને લડત ચલાવી રહ્યા છે ત્યારે સ્વાભાવિકરીતે જ નાગરિકો કોરોના પોઝિટિવ ડિટેક્ટ થવા અંગે ચિંતિત હોય. ઘણીબધી કાળજી વચ્ચે પણ જો કમનસીબે કોરોના વાયરસના સંક્રમણની અસર થાય તો નાગરિકો માટે બીમારીની સ્થિતિ અનુસાર સારવારના બે વિકલ્પો ઉપલબ્ધ હોય છે. સિવિલ હોસ્પિટલ અને પ્રાઈવેટ હોસ્પિટલ. જો દર્દીને સાવ સામાન્ય અસર હોય તો ઘરમાં જ સારવાર (હોમ આઇસોલેશન)નો વિકલ્પ ઉપલબ્ધ છે. જોકે દરેક વ્યક્તિને આર્થિક રીતે ખાનગી હોસ્પિટલ પરવડે એ શક્ય ન બને તે સંજોગોમાં સિવિલ હોસ્પિટલ ખરેખર આશીર્વાદરૂપ પૂરવાર થઇ રહી છે. સિવિલ હોસ્પિટલમાં તાજેતરમાં જ સારવાર લઇને સાજા થયેલા એક મહિલા દર્દીએ જાહેર જનતાના હિતમાં પોતાનું એક નિવેદન જાહેર કર્યું છે તે ધ્યાને લેવા જેવું છે. જેમાં તેઓએ નાગરિકોને સિવિલ હોસ્પિટલમાં કેવી પરિસ્થિતિમાં અને કઇ રીતે દર્દીની સારવાર કરવામાં આવી રહી છે તેની સંપૂર્ણ માહિતી આપી છે.

રાજકોટ શહેરમાં તા. ૧૮-૭-૨૦૨૦ ના રોજ પોઝિટિવ આવેલ શ્રી હર્ષાબેન રાવલ અને તા. ૨૦-૭-૨૦૨૦ના રોજ જે સિવિલ હોસ્પિટલ માં દાખલ થયા હતા. શ્રી હર્ષાબેન રાવલ સિવિલ હોસ્પિટલ અંગેના પોતાના મનની વાત કહી રહ્યા છે, જેમાં તેઓ કહે છે કે, કોરોનાથી બચવા માટે તો લોકો અનેક પ્રયાસો કરે જ છે પરંતુ કોરોના થાય તો શું કરવું ??? તે બાબતે વાત કરતા કહે છે કે, તા. ૧૭-૦૭-૨૦૨૦ ના રોજ તેમના પતિને કોરોના પોઝિટિવ આવ્યા બાદ મને અને મારા પુત્રના પત્નીને ૧૮, જુલાઇએ કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જો કોઇ પણ કંપનીનો ઇન્સ્યોરન્સ હોય અથવા આર્થિક કન્ડીશન સારી હોય તો તમે કોઇ પણ પ્રાઇવેટ હોસ્પિટલમાં દાખલ થઇ શકો છો, પરંતુ અમે તા. ૨૦-૦૭-૨૦૨૦ ના રોજ હું અને મારા પુત્રની પત્ની બંને સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતા. રાજકોટ સિવિલ કોવીડ સેન્ટરનું વાતાવરણ ખુબ જ પોઝિટિવ છે અને આ બિલ્ડીંગ સંપૂર્ણ નવું છે તેમજ સંપૂર્ણ સેન્ટ્રલ એર કંડીશનર છે. સિવિલમાં જતા એવું લાગતું હતું કે સરકારી હોસ્પિટલ છે કેવું હશે, પરંતુ અહીં તો તમામ સુવિધાઓ અવ્વલ હતી, સવારે નિયમિત ચા અને નાસ્તો, ઉકાળો અને લીંબુ સરબત આવી જતું હતું. બપોરે સરસ મજાનું જમવાનું જેમાં રોટલી, દાળ-ભાત, ૨ - શાક, સલાડ, સ્વીટ અને છાસ આપવામાં આવતી હતી. ફરી બપોરે ચા સાથે બિસ્કીટ અને રાત્રે ખીચડી - કઢી અથવા પુલાવ-કઢી, ભાખરી, પૂરી, પરોઠા અને સાથે ૨ શાક અને પાપડ, અથાણું, છાસ આપવામાં આવતું હતું. જો કોઇ પેશન્ટ છાસ ન લેતા હોય તો તેને હળદરવાળું દૂધ આપવામાં આવતું હતું.

સિવિલમાં આપવામાં આવતી તમામ સુવિધાઓ સંપૂર્ણ ફ્રી માં આપવામાં આવે છે. ડોક્ટરો આવીને વારેવારે ચેક અપ કરી જાય છે. ટાઇમે ટાઇમે દવા જેમકે નાસ્તા પછીની દવા હોય કે જમ્યા પછીની દવા હોય એ સમયે સમયે ટેબલ ઉપર આવી જ જાય છે.

કોવીડ સેન્ટરમાં અલગ અલગ પ્રકારના મગજ દર્દીઓ હોય છે, જેમાં અમુકનો ચીડચીડિયો સ્વભાવ હતો, અમુક દર્દીઓનો સ્વભાવ ગુસ્સાવાળો હતો, જેના કારણે ગુસ્સો પણ કરતા હતા જેની સામે સિવિલના ડોક્ટર હોય, નર્સ હોય કે સફાઇ કામદાર હોય કોઇપણ દર્દી સામે બેહુદુ વર્તન કરતા ન હતા.

ગુસ્સે થયેલ દર્દીની સામે પણ બોલતા ન હતા. અમે જોઇએ છીએ કે આ લોકો પી.પી.ઇ. કીટમાં પરસેવાથી ભીંજાય ગયા હોય છે તો પણ તમામ સ્ટાફનું કામ એકદમ નિષ્ઠાપૂર્વક હતું.

જે કોઇ વ્યક્તિને કોરોના જાહેર થાય છે તેને તેના ઘરેથી એમ્બ્યુલન્સ મારફત હોસ્પિટલ લઇ જવાથી લઇને સંપૂર્ણ સાજા થાય ત્યારે એમ્બ્યુલન્સ મારફત ફરી ઘરે મૂકી જાય ત્યાં સુધીની સંપૂર્ણ ટ્રીટમેન્ટ અને સુવિધાઓ સરકારશ્રી દ્વારા ફ્રી માં આપવામાં આવે છે. કોઇ જ પ્રકારનો ક્યાય ચાર્જ લેવામાં નથી આવતો. કોઇ જ વ્યક્તિએ ગભરાવાની જરૂર નથી, કોરોના થશે તો શું કરવું એવું ન વિચારવું પરંતુ કોરોના જાહેર થતા જ સિવિલમાં દાખલ થઇ જવું, સિવિલ ઇઝ ધ બેસ્ટ.

જે લોકો લાખો રૂપિયા ખર્ચે એમના માટે પ્રાઇવેટ હોસ્પિટલ છે પણ જે નોર્મલ ક્લાસના માણસો છે તેમના માટે સિવિલ બેસ્ટ છે. બધાને નમ્ર વિનંતી કે જો કોરોના જાહેર થાય તો સિવિલમાં દાખલ થઇ જવું.

માત્ર બે જોડી કપડા લઇને જ ત્યાં જવાનું છે, પૈસાની જરૂર નથી. બાકી ખાવાનું, પીવાનું, સુવાનું અને રહેવાનું બધું જ સિવિલ સાચવી લેશે.